# ડીસીએમ શ્રીરામ દ્વારા રાષ્ટ્રીય સેફટી દિવસની ઉજવણી

તારીખ ૦૪-૦૩-૨૦૧૯ થી ૧૦-૦૩-૨૦૧૯ દરમિયાન ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા રાષ્ટ્રીય સેફટી વીકની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કંપનીના કાર્યકરો, વિધ્યાર્થીઓ, કોન્ટ્રાક્ટર્સ તથા જનસમુદાયને સાથે રાખી વિવિધ કાર્યક્રમો જેવા કે રેલી, પ્રદર્શની, પ્રૌત્તરી, રમતો, ચિત્રસ્પર્ધા, નિદર્શન વિગેરેનું આયોજન કરવામાં આવેલ હતું.

સેફટી વિકની ઉજવણીની શરૂઆતમાં શ્રી કે આર વૈદ્ય, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ એન્ડ યુનિટ હેડ દ્વારા સેફટી ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. જે બાદ, ઈન્ડસ્ટ્રીઅલ સેફટી અંગે વિવિધ પહેલુઓ ઉપર વિગતે માહિતી આપવામાં આવી હતી.

શ્રી શેખર ખાનોલકર, એકસીક્યુટીવ ડિરેક્ટર અને સીઈઓ-કેમિકલ્સ, તથા શ્રી આદિત્ય શ્રીરામ, પ્રેસિડેન્ટ-કેમિકલ્સ દ્વારા કંપનીની કર્મચારીઓની હાજરીમાં સેફટી પ્રદર્શની ખુલ્લી મુકવામાં આવી હતી. કાર્યક્રમો દરમિયાન શ્રી એસ સી બામણીયા, જોઈન્ટ ડિરેકટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ તથા શ્રી પી એચ પટેલ, ડેપ્યુટી ડિરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ દ્વારા પણ પ્રદર્શનીની મુલાકાત કરવામાં આવી હતી તથા સેંલોદ મુકામે શાળાના બાળકો અને ગામના લોકોને પણ સેફટી વિષયે માહિતગાર કર્યા હતા. કંપની દ્વારા સેફટી હેલ્થ અને એન્વિરોન્મેન્ટ એસોસિએશનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી યોગેશચંદ્ર પંડ્યાને આમંત્રિત કરી પ્લાંનિંગ અને અમલીકરણ દરમિયાન પ્રોસેસ સેફટી અંતર્ગત ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ ઉપર વિગતે ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. સેફટી વીકના અસરકારક આયોજન અને અમલીકરણને સરકારી અધિકારીઓ તેમજ જનસમુદાય દ્વારા બિરદાવવામાં આવ્યું હતું.